# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

મુંઝાતા નહીં સવલતોથી, અમે બેઠાં છીએં ને?!
ઘર સમજી રહેજો અહીં અમે બેઠા છીએં ને?!
બેઠા છીએ કૌભાંડના 'છોટા ચક્કર'માં વર્ષોથી -
ખોટો કર્યો શ્રમ, સુરંગનો, અમે બેઠાં છીએં ને?!
(પોલીસની હૈયાધારણ)

## હાઈકુ

મોંઘવારીનું -
ડિઝલ-પેટ્રોલ છે
- એપી સેન્ટર..
(ફરી રીક્ષા હડતાલને ફરી બધું..)

ઓળંગે સીમા,
હવે ધૈર્યની પણ -
નાપાક દેશ..
(ફરી ઘૂસણખોરી)

## ચિંતન

શરદિ ન વર્ષતિ ગર્જતિ વર્ષતિ વર્ષાસુ નિઃસ્વનો મેઘઃ ।
નીચો વદતિ ન કુરૂતે ન વદતિ સુજનઃ કોરત્યેવ ॥

'શરદઋતુમાં મેઘ ગર્જના કરે છે પણ વરસતો નથી, જયારે વર્ષાઋતુમાં ગાજતો નથી પણ વરસે છે. એવી જ રીતે નીચ-દુર્જન-શઠ માણસ બોલે છે ઘણું પણ કરતો કંઇ જ નથી, જયારે સજ્જન માણસ બોલતો નથી પણ કામ ઘણું કરે છે.'

હમણાં-હમણાં જ ચૂંટણીની ઋતુ ગઇ, ત્યારે વચનોની ગર્જના ખૂબ થઇ. ૧૯૫૦થી રાજકીય પક્ષોએ, દર ચૂંટણીમાં આપેલાં વચન માત્ર પૂર્ણ કર્યા હોત તો પણ ભારત કે ગુજરાત પર સ્વર્ગ ઉતરી આવ્યું હોત. આપણા આયોજન એવાં હોય પહેલાં ડેમ બંધાઇ જાય પછી ડેમ છલકાઇ ગયા પછી હવે 'નહેરો' કેમ બાંધવી તેના આયોજનની વિચારણા થાય! 'નર્મદા ડેમ' ની કેનાલો હજુ બંધાઇ નથી જે બે-ત્રણ બની છે એ રોજ કયાંકને કયાંક તૂટે છે! ચૂંટણી વચનોની ગર્જના મોટા પાયે થાય છે પણ અમલીકરણની વર્ષા થતી નથી.

સાચા નેતા બોલ્યા વિના, પ્રજાકીય સેવાના કાર્ય કરતા જ રહે છે. તેમનાં હૃદયમાં પ્રજાનું હિત હોય છે.

જે બહુ બોલ-બોલ કરે છે તે કામ કરતા નથી, કામ કરનારા એક પણ શબ્દ બોલ્યા વિના નક્કર કામ કરે છે.

## સુવિચાર

- વાસનાની દોટનો કદાપિ અંત આવતો નથી - **ઓશો રજનીશ**
- જેના બંધનમાં કોઇ નથી, અને જે કોઇના બંધનમાં નથી, તે જ વ્યક્તિ સ્વતંત્ર છે - **ઓશો રજનીશ**
- પોતાની જાતે જ દીનહીન બની રહેવું એનાથી મોટું કોઇ પાપ નથી - **ઓશો રજનીશ**
- એકાંત શોધો છો? ભીડ બહાર નથી, પણ અંદર જ છે, મનમાં અને હૃદયમાં- **ઓશો રજનીશ**
- જીવનની વાસ્તવિકતા સાથે જ જેઓ દરેક ક્ષણ જીવે છે તેને મૃત્યુનો કોઇ ભય રહેતો નથી - **ઓશો રજનીશ**
- કાનૂન અને બંદૂકની ગોળીથી પરિસ્થિતિ, મનોસ્થિતિ બદલી શકાતી નથી- **ઓશો રજનીશ**
- અહંકારનું ઓગળી જવું અને પ્રેમનું ઉદિત થવું એ બંને એક જ ઘટના છે - **ઓશો રજનીશ**

## બોધ કથા

આપણે પૂજા-પાઠ, ધ્યાન-યોગ, ભક્તિ વગેરે કરીએ છીએ પણ સંસારી સુખો સાચવીને, ધ્યાનમાં આંખ બંધ હોય પણ કાન ઘરની વાતચીતમાં ફરતાં હોય! ભક્તિરસના તળાવમાં ડૂબકી નથી મારતા, માત્ર કાંઠે બેસી હાથપગ ધોઇએ કે માત્ર 'છાંટ' નાખી સંતોષ મેળવી લઇએ છીએ.

ભક્તિ રસમાં - ગુરૂ ભક્તિમાં, સંપૂર્ણ વિશ્વાસ સાથે-સમર્પણ સાથે-એ અમૃતરસમાં ડૂબી જવું જોઇએ. કાંઠે બેસી રહેવાનો કોઇ જ અર્થ નથી.

સમુદ્રમંથનમાંથી અમૃતનો ઘડો નિકળ્યો. દેવો-રાક્ષસોનો વિવાદ ચાલતો હતો ત્યાં સુધીમાં બે માખી આવી. ઘડાના કાંઢે એક નાનું અમૃતબિંદુ હતું. એ ચાખી માખી 'આનંદમય' થઇ ગઇ અને ઘડામાં કૂદી પડી, એ હિંમતવાન શ્રધ્ધાવાન હતી, બીજી બીકણ હતી, કાંઠે બેસી બૂમો પાડતી રહી, ન-જા, ન-જા, મરી જઇશ!

હિંમતવાન માખી તો ભીની પાંખે પણ, ધરાઇને અમૃતપાન કરી પાછી કાંઠે આવી-પેલી બીકણે પૂછ્યું, તું અંદર પડી-પાંખો ભીની થઇ છતાં ડૂબી નહીં, મરી નહી છતાં પાછી ઊડી કેમ શકી?

પેલી કહે ગાંડી અમૃત કોને કહેવાય? એમાં ડૂબકી મારે એ કદી મરે નહીં, અમર થઇ જાય! તું પણ જા, ડૂબકી માર!!

પેલી બીકણ માખી કહે - ના, ના, આ કાંઠા પર ચોંટેલું જરા અમૃત ચાખ્યું પણ સંતોષ થતો નથી. પણ ડૂબકી મારવાની બીક લાગે છે!

હિંમતવાન માખી હસી. ગાંડી અમૃતરસમાં પડ્યા પછી કંઇ મરવાની, મૃત્યુની બીક લાગતી હશે?!

# હું તમારી બધી જ નબળાઈઓ માટેની શક્તિ છું, હું તમારા સમસ્ત પાપોને માટે ક્ષમા છું, તમારામાં મારા માટે જે જિજ્ઞાસા છે તેમાં હું પ્રેમ છું, હું તમારો આત્મા છું

## આતમ ગોષ્ઠિ

- ઉર્વી રાજવીર

**● મને પોકારો : ૪**

શાંત સમયમાં પરમાત્માં કહે છે - ''યાદ રાખો, હંમેશા યાદ રાખો, કેવળ પવિત્ર અંતઃકરણવાળા જ મને જુવે છે.'' પવિત્રતા એ જ પહેલી આવશ્યકતા છે, જેવી રીતે વાસનાઓથી વશ થયેલ પ્રાણીઓની ભોગની ઈચ્છા પ્રબળ હોય છે, તેવી જ રીતે પવિત્રતા માટે તમારામાં તીવ્ર આકાંક્ષા હોય અને તમે તીવ્ર આકાંક્ષાથી પવિત્ર બનો! પવિત્રતા માટે નિરંતર પ્રયત્ન કરો. માત્ર એનાથી જ સફળતા પ્રાપ્ત થશે - તમાર મનથી મારા ભક્ત પ્રહલાદ દ્વારા મારા પ્રતિ થયેલી આ મહાન સ્તુતિ કરો.

''યા પ્રીતિરવિવેકાનાં વિષયેષ્વનપાયિની।
ત્વામનુંસ્મરતઃ સા મે હૃદયાત્માપશયઍતુ।'' (વિ.પુ.)

પવિત્રતા જ પરમાત્માનું ઘર છે. પરમાત્માંનાં વિષયમાં વિચારો એ પહેલા પવિત્રતા વિચાર યોગ્ય છે. પવિત્રતા એ ચાવી છે, જેના દ્વારા પરમાત્માનાં સ્થાન સુધી પહોંચાડનાર ધ્યાનનું ફાટક ખુલી જાય છે. સ્વયંને મારા શક્તિ સાગર પર નિર્ભર કરી દો. પ્રયત્ન ના કરો! શોધશો નહિ!! મારૂં અસ્તિત્વ જાણો. આ જ્ઞાન અને મારા અસ્તિત્વ પર નિર્ભર થઈ જવું, આત્મસમર્પણ કરી દેવું, એ તમને બચાવી લેશે. કોઈ પણ પ્રકારનો ભય ન રાખો. શું તમે મારામાં નથી? શું હું તમારામાં નથી? એ જાણી લો કે જેને લોકો મહાન સમજે છે, મોટું સમજે છે - એનો પણ નાશ થઈ જાય છે.

મૃત્યુ બધે જ છે, સર્વત્ર છે. ક્ષણે ક્ષણે છે, એ જ જીવનનાં સમગ્ર પદાર્થોનો નાશ કરી રહ્યું છે. મૃત્યુ અને પરિવર્તન આત્મા સિવાયની બધી જ વસ્તુઓને બાંધે છે. પવિત્રતા જ આ જ્ઞાનનો પથ છે. આ જ મૂળ છે. પવિત્રતાથી નિર્ભયતા, સ્વતંત્રતા, સ્વરૂપનો અનુભવ, જેનો સાર હું જ છું, પ્રાપ્ત થાય છે.

પ્રચંડ વાયુ ને વહેવા દો, પણ જયારે વાસનાઓ ભભૂકી ઉઠે, મનોવૃત્તિઓ ચંચળ થઈ જાય તો તરત જ મને પોકારો, હું સાંભળીશ કારણ કે, જેમ મારા સેવકે કહ્યું છે કે, હું કીડીનાં પગનો અવાજ પણ સાંભળઉં છું - તુરત જ તમારી પાસે પહોંચી જઈશ. જે મને હૃદયથી બોલાવે છે - પોકારે છે તેમને હું કદી નથી છોડતો.

મને પોકારો, માત્ર હૃદયથી જ નહીં, અટલ વિશ્વાસની સાથે પણ હું સંસાર નથી, એનાથી પરે આત્મા છું, આ સંસાર મારા માટે એક મૃત શરીર છે. મારાથી, માત્ર આત્માથી જ સંબંધ છે. પદાર્થોના બાહ્ય વિસ્તારથી ભ્રમ ન પામો. આત્મા ન તો પદાર્થોનું રૂપમાં , ન તો વિચારમાં છે. એ શુધ્ધ, મુક્ત, બુધ્ધ, આધ્યાત્મિક, આનંદમય, નિરાકાર, નિર્વિકાર છે. જેમાં કોઈ પ્રકારનું કલંક, પાપ, બંધન, સીમા નથી અને હોઈ પણ ન શકે.

હે જીવ, હૃદયમાં અંતરતમ પ્રદેશમાં તમે જ છો, એનાં સંબંધમાં તમને અનુભવ પ્રાપ્ત થશે અને અવશ્ય પ્રાપ્ત થશે, કારણ કે મનુષ્ય જીવનનું આ જ માત્ર - એકમાત્ર લક્ષ્ય છે.

હંમેશા યાદ રાખો! હું તમારી સાથે છું, હું સાથે જ છું.

હું તમારી બધી જ નબળાઈઓ માટેની શક્તિ છું, હું તમારા સમસ્ત પાપોને માટે ક્ષમા છું. તમારામાં મારા માટે જે જિજ્ઞાસા છે તેમાં હું પ્રેમ છું. હું તમારો આત્મા છું, હું તમારો આત્મા છું. આત્માનાં સંબંધમાં હવે બધા જ વિચારોને ત્યાગી દો, કારણ કે આ વિચાર કે તમારો અને મારો આત્મા ભિન્ન છે, અંધકાર - અજ્ઞાન જ છે.

પ્રકાશની સાથે ઊઠો, અને જાણો કે હું, આત્મા છું. હું તમારો આત્મા છું - પવિત્રતા મારા ધામમાં લઈ જવારો માર્ગ છે અને એમાં જ મોક્ષ નક્કી છે.

''હરિ : ૐ તત સત''
શાંતિઃ શાંતિઃ શાંતિઃ

**● ગુરૂ શિષ્ય સંબંધ : ૫**

પરમાત્મા સ્વરૂપ ગુરૂદેવ કહે છે - હું હંમેશા તારી સાથે જ છું ભલે ગમે ત્યાં જાઓ - ત્યાં હું પહેલેથી જ ઉપસ્થિત છું. હું તમારા માટે જ છું. મારા અનુભવનો નિચોડ તમને આપું છું. પુત્ર! તમે મારા હૃદયનું ધન છો, આંખોનો તારો છો, આપણે બંને પરમાત્મામાં એક છીએ. અનુભૂતિજન્મય જ્ઞાન સત્ય છે. એટલા માટે હું સારી રીતે તારાથી મારો અભેદ અનુભવ કરૂં છું. મને તમને સંસારમાં મેરૂ સ્થળમાં, સંદેહનાં જંગલમાં છોડવામાં કોઈ ભય નથી. કારણ કે હું તમારી શક્તિઓનો વિસ્તાર છું. જુદાં જુદાં અનુભવો માટે હું તમને કયાંક પણ મોકલું. મારી આંખો તમારી પાછળ ઘૂમ્યાં કરે છે. શું તમે પાપ કરો છો? તે મારી જ ઉપસ્થિતિમાં થાય છે. હું તેને જોવું છું. હું તમારા બધા જ ભાવોને જાણું છું. હું તેને જોવું છું. હું તમારા બધા જ ભાવોને જાણું છું. હું બધા પ્રકારના અનુભવો બાંધું છું, જે આપણાં બંનેનાં મધ્યમાં છે.

મારો મોક્ષ મારા માટે નથી, જયાં સુધી તમે તેમાં ભાગ ન લો, તમે મારો આત્મા છો. મારા અનુભવને જેટલો વધુ પોતાનામાં આકર્ષિત કરશો, એટલું જ આપણાં બંનેમાં અનુસંધાન વધશે. આ આત્મિક જીવન છે. એનાંથી વ્યક્તિગત અલગતાનો પડદો દૂર થઈ જાય છે. મારો આત્મા તમે જ છો. આપણા બંનેનો સંબંધ એટલો ઘનિષ્ઠ છે, કે જેમાં હું અને તું ના વાડા નથી.

મૃત્યુ અને વિયોગ આપણા સંબંધોમાં બાધક નથી. ભલે તમે મારાથી ખૂબ જ દૂર જનમ્યા છો. ભલે તમે મારા ભૌતિક રૂપને નથી જોયો, પણ છતાં પણ, તમે મારા જ છો. શિષ્યત્વ મારા ભૌતિક રૂપને જોવામા નથી, મારી ઈચ્છાઓને સમજવામાં છે. તમે મારી બનાવેલી જાળથી બહાર નહીં જઈ શકો. મારી ઈચ્છાઓને શોધો. એ ઉપદેશોનું - જે મને મળ્યાં, મેં તમને બતાવ્યા છે તેનું અનુગમન કરો.

એવાં અનેકો જન્મોજન્માંતરનાં શરીર ધારણ કર્યા બાદ એકતત્વની નિષ્ઠા ઉભી થઈ છે. જેથી અભેદત્વને સમજી શકાય છે. ખરેખર શિષ્યપણું એ મારાં વિચાર અને ઈચ્છાઓમાં વિશ્વાસ રાખીને મારી સમીપ રહેવામાં સમાયેલું છે. આપણી વચ્ચે અપાર પ્રેમ છે. ગુરૂ અને શિષ્યનો સંબંધ હંમેશ અભેદ છે. તે મૃત્યુથી પણ પરે છે, કારણ કે એ બંને અપાર પ્રેમ અને સર્વવ્યાપકતાથી બંધાયેલા છે. ૐ તત સત!

શિષ્ય ધન્યવાદ તથા પ્રશાંસાથી ઉત્તર આપે છે - હે ઈશ્વર! હે પ્રભુ! મારા સર્વસ્વ! મને એવી શિક્ષા મળી રહી છે કે, ગુરૂ ઈશ્વર છે. તે પરમ સત્યમાં ભેળવી દેવાની પ્રબળ ચેષ્ટા કરે છે. એણનું દષ્ય ઈશ્વર છે, મારી મુક્તિ માટે તેમનું સાહસ અથાક છે. ગુરૂનાં નેત્રોથી હું પણ એ દષ્યને જોઉં છું. સાચો પ્રેમ, મૃત્યુ, મોહ અને જન્મથી પણ ભગવાન છે. હું મૃત્યુ અને જન્મથી પરે છું. હું શું અસત્ય કહું છું? ગુરૂ ઈશ્વર છે. શું હું કોઈ પણ સમય ઈશ્વરથી વિખૂટો પડી શકું તેમ છું? શું ઈશ્વરથી અલાયદુ મારૂં અસ્તિત્વ છે ખરૂં.

હું એના નામ લઈને આ અંધકારનાં સમુદ્રની પેલે પાર સકુશળ પહોંચીશ જયાં સમસ્ત જ્ઞાન અને પરમ પ્રકાશ છે. હું આ માયાનાં દુર્લભ જંગલમાંથી પસાર થઈને નિર્ભયતા સાથે આગળ વધીશ, કારણ કે તે પરમાત્મા મારી ગતિ-વિધિઓને જોઈ રહ્યો છે. હું પડીશ તો પણ તે ઉઠાવી લેશે. મારા રસ્તા પરનાં કાંટાઓને પણ તે ફૂલ બનાવી દેશે. મારા પથમાં સંદેહ, શંકા - પ્રલોભવરૂપી વન્ય પશુ બાધક હોવા છતાં પણ તેઓ તેમનો નાશ કરશે અથવા તેઓ મને તેનાં માર્ગમાં નાંખી દેશે કે, જેથી હું એમની સાથે યુધ્ધ કરી પોતાની શક્તિઓને વિકસિત કરૂં, ત્યાં સુધી કોઈ પણ પોતાની શક્તિઓને કેવી રીતે જાણશે, જયાં સુધી તે સ્વયં પરીક્ષા ન કરી લે?

જીવન - મૃત્યુ મારા માટે કાંઈ પણ નથી. હું સમસ્ત સીમાઓને છિન્ન - ભિન્ન કરી નાંખીશ. હું સમસ્ત બંધનોની પાર જઈશ. હું તેમનામાં પરમાત્માને જોઈશ.

હે ગુરૂદેવ! તે જ સત્ય છે કે જે મારામાં છે - તમારામાં પણ છે.

તમે સૂર્ય છો તો હું રશ્મિ છું, તેવી જ રીતે હું સૂર્ય છું તો આપ કિરણ છો!

ઉપનિષદોનું મહાકાવ્ય ''તત ત્વમ અસિ'' આપનાં માટે ઉપયુક્ત છે, તે જ મારા માટે પણ સત્ય છે. હે અનિર્વચનીય, કૈવલ્ય પદનાં પરમભાવરૂપ ગુરૂદેવ!

ગુરૂનાં રૂપમાં હું આપનું અભિવાદન કરૂં છું.
ઈશ્વરનાં રૂપમાં આપનો ધન્યવાદ માનું છું.
ૐ તત સત!
તત્વમસિ !!

**● પાગલ કૂદકો : ૬**

ધ્યાનનાં સમયે આત્મા સ્વયં કહે છે કે - શાંતિ મૌનમાં રહે છે. શાંતિ પ્રાપ્તિ માટે તમારે અત્યંત બળવાન થવું પડશે. જયારે ઈન્દ્રિયોની ચંચળતા વૈરાગ્યની પ્રબળ શાંતિમાં વિલિન થઈ જશે ત્યારે મૌન પ્રાપ્ત થશે.

તમે અનંતના યાત્રી છો. મોહ નાં કરો તો સભાનતા નાશ પામશે. પોતાની સાથે સદ્ વિચારો ને સહાયક તરીકે રાખો.

શ્રધ્ધારૂપ સંજીવની જળનો સંગ્રહ કરો. બધી જ મૃગજળરૂપી ભાષિત તૃષ્ણાઓથી સાવધાન રહો. તમારૂં લક્ષ્ય ત્યાં નથી. બાહ્ય પદાર્થોનાં આકર્ષણથી છેતરાશો નહીં. આ બધાનો પરિત્યાગ કરતાં કરતાં એ માર્ગ પર ચાલો કે, જે તમારી અંતઃદષ્ટિની એકાંતમાં પહોંચાડે છે. ટોળામાં અનુગામી ન બનો જે, બહુત્વની જાળમાં ફસાયેલાં છે. એ પથમાં યાત્રી બનો કે જેનાથી મહાત્માગણ કૈવલ્ય પદની યાત્રા કરે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# કુદરતની દુનિયામાં મિલનની ઘટના તો અનોખા ઉત્સવ ખડા કરે છે, વસંતના વાયરા વૃક્ષને સ્પર્શે છે અને નવયૌવન રચાય છે

## શ્રુતિ બંધનમ્

- ડો. બ્રિજ

ફૂલ ઝરંતો હાથ લઇને,
ઝાકળ જેવી જાત લઇને; સૂરજની એક વાત લઇને;
મારે તમને મળવું છે!
સાંજ ઢળ્યાની 'હાશ' લઇને,
ઝલમલતો અજવાસ લઇને; કોરાં સપનાં સાત લઇને;
મારે તમને મળવું છે...!
કયારેક તો 'હું' ને છોડી દો,
ભીતરની ભીંતો તોડી દો, બંધ કમાડ જરા ખોલી દો
એકવાર તો 'હા' બોલી દો...!
'હા' બોલો તો હાથમાં થોડાં ચાંદલિયાને,
તારલિયાની ઝગમગતી સૌગાત લઇને,
મારે તમને મળવું છે...!

સુંવાળા સંગાથની તડપ રિષભ મહેતાની કાવ્ય પંક્તિઓમાં તરફડે છે. પ્રિયતમા સાથે ગાળેલી મદહોશ પળો - આનંદની અનહદ ક્ષણો કવિને તરફડાવે છે. અને એ શબ્દોનો સર્જક આશાવંત બનીને 'મારે તમને મળવું છે...!' ની ઉત્કંઠા લઇને આવે છે.

આમ તો, કવિતા તો થોડાક શબ્દો વડે ગૂંથાયેલો 'માળો' છે. નાનો છે, સુંવાળો છે છતાં હૂંફનો સાક્ષી છે. એકમાળામાં પંખીના ઉડાનને સાંત્વન મળે છે. પોતિકાંને મેળાપ થાય છે. ત્યાં નક્કી સાંજ ઢળ્યાની 'હાશ' હશે...! કલરવની દુનિયામાં વિરામ હશે. પંખની ચાંચમાં તૃપ્તિ હશે...! કારણ ત્યાં મળવાના આનંદની ઘડી સર્જાઇ હશે. ધણમાંથી છૂટેલી ગાય-ભેંસ પાછી ફરતાં તેનાં વાછરડાંની અનુભૂતિ શી હોઇ શકે? કવિતા આવું અનોખું વિશ્વ રચી દે છે. થોડા શબ્દો, થોડી પંક્તિઓમાં અનુભૂતિ - આકાંક્ષા - તૃપ્તિ અને અહેસાસનાં હૃદયમોજાં ઉછળે છે...! કવિતતા તરસ્યા લોકની પરબ છે. જે તરસ છે હૂંફની - લાગણીની - પ્રેમની અને સંબંધની...! કયારેક કેટલાક શબ્દો સાંભળવાથી કે વાંચવાથી અનોખી તાજગી અનુભવાય છે. આ તાજગી ભર્યા શબ્દોના સર્જકને લખનારની સલામ...!

દુનિયાના દરેક માનવને ગમતાનો સાથ જોઇએ છે, તેની સાથે થોડી ક્ષણો જીવવું છે, તેની બાહોમાં રહેલી અનહદ ખુશીઓ ભોગવવી છે. માણસ અંગત રીતે આવો સ્વાર્થી ખરો...! કારણ માણસ આનંદનો ગુલામ છે. સપનાંનો બંધાણી છે, અને સપનાં પાછળ પડવાની મજા અનુભવનારો છે માણસ...! એટલે જ આપણું મન પણ બોલી પડે... 'મારે તમને મળવું છે.' કયારેક મળવાની ઘટનામાં રૂક્ષતા આવી શકે? આ ઘટના ફક્ત નાટક બને, સંબંધ કયાંક સ્વાર્થનો સ્પર્શે, માણસો એકલપેટો બને અને પ્રેમનાં તત્વમાં સત્વ ઓસરતું જાય તો આવું બને ખરૂં! નર્યા સંબંધમાં જીવવું માણસને ગમતું નથી. સંબંધમાં સ્વાર્થ ભેળવીને જીવવાની શરૂઆત થતાં હૃદયની અનુભૂતિઓ ઝાંખી પડવા લાગે છે. અને સંબંધ તો બંને પક્ષે થયેલો હૃદયનો એકરાર હોય છે. શારીરિક - માનસિક અને સાંવેગિક સંબંધોની આપણને ખબર છે. લોહીનો સંબંધ, બૌધ્ધિક સંબંધ અને હૃદયનો સંબંધ આવું પણ આપણે સાંભળ્યું જ હશે. કયાંક તૃપ્તિ છે, કયાંક અતૃપ્તિ જ છે. વ્યક્તિને હાશકારો નથી, આનંદ નથી, ભાવ નથી, પ્રેમ નથી તો ત્યાં મળવાનો આનંદ ન હોય...! ત્યાં મેળાપ સૂકોભઠ્ઠ હોય. ત્યાં મેળાપ આગતા સ્વાગતા ઉપકાર બને છે...! ભીંતરની ભીંતો તોડીને મળવાનું ત્યાં કયાંથી શક્ય હોય? સાંજ ઢળ્યાની હાશ કયાંથી હોય? ત્યાં સૌગાતની આપલે ભલે હો પણ પ્લાસ્ટિકના ચહેરાની ખુશી હશે ત્યાં...!!

મોટાભાગે કવિ કે સાહિત્યકારોને પાગલપનના દર્દીઓ ગણવામાં આવે છે. કારણ કે તે વ્યક્તિનું હૃદય કુદરતને પામવા તડપે છે, પ્રકૃતિમાં એ પાવનતા જુએ છે, ઇશ્વરમાં આરાધના અનુભવે છે, તેની અનુભૂતિઓ શબ્દ બને છે. પ્રેમની અનુભૂતિ તેની સંવેદનાઓને પજવે છે. એ જીવે છે તેવું વિચારે છ, લખે છે...! કંઇક અલગ તો ચોક્કસ છે. બીજા કરતાં એ જુદી અનુભૂતિઓમાં રાચે છે. અને આ જ તેનું પાગલપન. કયારેક સમાજ તેને સન્માને કયારેક ધિક્કારે...! તેને કોઇ ફરક પડતો નથી. એ તો કુદરતી તત્વોના મેળાપમાં આનંદાનુભૂતિ કરે છે અને મસ્ત જીવે છે...! તેને તો મેલી ઝાકળની જાતમાં અને સૂરજની વાતમાં રસ છે. અને માટે જ આવો અનુભૂતિઓનો માણસ કહે... 'મારે તમને મળવું છે...!'

આ સૃષ્ટિમાં મેળાપ પણ કેટલા...! આકાશને ધરતીનો મેળાપ, નદી-સાગરનો મેળાપ, સૂરજ અને આકાશનો મેળાપ, તારલિયા અને ચાંદનીનો મેળાપ, ઝરણાને ધરતીનો મેળાપ, માણસને માણસનો મેળાપ, રાધાને કૃષ્ણનો મેળાપ, રામ-સિતાનો મેળાપ, ભરત-રામનો ભ્રાતુ મેળાપ, માતા-પુત્રનો મેળાપ, પતિ-પત્નિનો મેળાપ, દોસ્તને દોસ્તનો મેળાપ, હૃદયને હૃદયનો મેળાપ... અંગતને અંગતનો મેળાપ. આત્માને આત્માનો મેળાપ... લેખ કદાચ આમ જ પૂરો થઇ જશે. મેળાપ એ સામાન્ય બાબત નથી. જેમાં હૃદયનાં બંધંનો જડેલાં હોય તેવો મેળાપ તો કુદરતને પણ ગમી જાય...! અને આવી અનુભૂતિઓમાં જીવવાવાળો જરૂર કહી ઊઠે : 'મારે તમને મળવું છે...!'

કુદરતની દુનિયામાં મિલનની ઘટના તો અનોખા ઉત્સવ ખડા કરે છે. વસંતના વાયરા વૃક્ષને સ્પર્શે છે અને નવયૌવન રચાય છે. પંખીની ચાંચમાં ચાંચનું મિલન એક ઉડાન નિર્માણ કરે છે. અને તેથી આગળ સનાતન સત્ય - સત્ય સ્ત્રી-પુરૂષના મિલન થકી તો સૃષ્ટિની લીલા આજે આંગળિયોનાં ટેરવે નાચતી થઇ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# પ્રોટેક્શન ઑફ સીવીલ રાઈટ્સ એક્ટ-૧૯૭૬ની સમજૂતી

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

૧૯૫૦માં ભારતના બંધારણની જોગવાઇ મુજબ આર્ટિકલ ૧૭થી અસ્પૃષ્યતાને નષ્ટ કરી છે. અને તેનો કોઇ પણ રીતે અમલ કરવાની મનાઇ ફરમાવી છે. આ માટે ૧૯૫૫ માં અનરચેલીલીટી ઓફ્ન્સીસ એક્ટ ચુઓએ બનાવવામાં આવ્યો. આ કાયદાનો અમલ સારી રીતે ના થવાથી ૧૯૭૬ માં સુધારીને તેને પ્રોટેકશન ઓફ સીવીલ રાઇટ્સ એક્ટ (પીસીઆરએ) નામ આપવામાં આવ્યું.

ગુજરાતના ૬૯ ગામડામાંથી ફક્ત પાંચ જ ગામડા એવા હતા કે જાહેર સ્થળથી દલિતોને પાણી ભરવા દેવામાં આવતું. દલિતો માટે અલગ જગ્યા બનાવવામાં આવતી આવી અલગ વ્યવસ્થા જ પી.સી.આર. એક્ટ પ્રમાણે ગુનો બને છે.

ભારતના બંધારણની અનુચ્છેદ ૧૫(૧) પ્રમાણે રાજય સરકાર ધર્મ, જાતિ, જ્ઞાતિ કે લીંગના આધારે કોઇ નાગરિકના જોડે ભેદભાવ આચરશે નહીં તેમજ ૧૫(૨) પ્રમાણે કોઇ દુકાન, ખાણીપીણીની જગ્યાએ જાહેર સ્થળોએ, રસ્તા કે ઘર ઉપર દલિત સ્ત્રી કે પુરૂષને પ્રવેશતા અટકાવી શકશે નહીં. ૧૬(૧) પ્રમાણે દલિતોને નોકરીમાં સમાન તક આપવામાં આવશે તથા ૧૭ મુજબ અસ્પૃશ્યતા નિવારક ધારો બનાવવામાં આવેલ છે.

કોઇ પણ વ્યક્તિને સામાજિક રીતે હડધૂત કરવી કલમ-૪ મુજબ શિક્ષા પાત્ર છે. હોસ્પિટલમાં દાખલ કરવા ઇન્કાર કરવો કે કલમ-૫ મુજબ ગુનો બને છે દલિતને માલ-સામાન વેચવા ઉપર અથવા સેવાઓ પુરી પાડવા ઉપર ઇન્કાર કરવો તે કલમ-૬ મુજબ ગુનો બને છે. અસ્પૃશ્યતાના કારણે, કનડગત, પજવણી કરવી અગર તો અન્યને ઉશ્કેરવા માટે કલમ-૭ મુજબ ગુનો બને છે.

દલિતોને ગેરકાયદેસર વેઠ કરાવવી કલમ-૮ મુજબ ગુનો બને છે અને ૧ માસ થી ૨ વર્ષ સુધીની કેદની અને વધુમાં વધુ રૂા. ૫૦૦/- દંડની જોગવાઇ છે.

જો કોઇ વ્યક્તિ બીજાને આવો ગુનો કરવા પ્રેરે, ઉશ્કેરે કે મદદ કરે અને જે કોઇ સરકારી નોકર આવા ગુના અંગેની તપાસ કરવામાં બેદરકારી દાખવે તે પણ શિક્ષાને પાત્ર કલમ-૧૦ મુજબ ઠરે છે. આ કાયદા હેઠળ કલમ-૧૨ મુજબ કંપની પણ ગુનેગાર ઠરે છે.

દલિતો ઉપર અત્યાચારની વ્યાખ્યા કલમ-૩(૧), ૩(૨)માં આપેલ છે તે મુજબ કોઇ પણ અબાધ અથવા ત્રાસદાયક પદાર્થ ખાવા-પીવા માટે દેખાવ કરે, મળમૂત્ર ગંદા પદાર્થો તેની જગ્યામાં નાખે પરાણે નિર્વસ્ત્ર કરે અગ તો શરીર કે મોઢા ઉપર કંઇ લખાણ, ચિત્ર ચિતરાવવા માટે દબાણ કરે અને માન પ્રતિષ્ઠાને હલકુ પાડતું કાર્ય કરે સરકારે ફાળવેલ જમીનમાં ગેરકાયદેસર કબજો રાખે, પડાવી લે, અગર તો કબજામાંથી કાઢી મુકે, પાણી ઉપરના તેના હક્કો ભોગવવામાં ડખલ કરે, ભીખ માંગવા કે વેઠ કરવા માટે ફરજ પાડે, દબાણ કરે તે લલચાવે, મત ન આપવા અથવા તો ન્યાયોત્તર રીતે મન આપવા દબાણ કરે કે ધમકી આપે, દલિત વ્યક્તિ સામે ખોટા કેસો કરે દ્વેષપુર્ણ ફોજદારી કાર્યવારી કરે. ઇરાદા પૂર્વક અપમાન કરે કે ધમકી આપે, સ્ત્રી લાજ, શિયળ કે ઇજ્જત લુંટવાના ઇરાદાથી હુમલો કરે બળ વાપરે સંમતિ વિરૂધ્ધ તેની સાથે સંભોગ કરે, તે વાપરતો હોય તે ઝરણા, કુવો, જળાશય કે પાણીના સાધનને બગાડે કે મેલુ કરે, જાહેર ધર્મસ્થાન કે આશ્રમસ્તાનમાં પ્રવેશતા અટકાવે, દલિતને પોતાનું ગામ ઘર કે રહેઠાણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે દબાણ કરે તો ગુનાપાત્ર સજા ગણાય છે અને પાંચ વર્ષની કેદ અને દંડની શિક્ષા થાય છે. આથી જાતિના કોઇ સત્યની મિલ્કતને તેના મકાન કે પ્રજાના સ્થળને આગ લગાડવાનું કાર્ય કરવું તે પણ ગુનો બને છે.

જયારે કોઇ સ્ત્રીના સંદર્ભમાં ગુનાહીત બળ વાપરવામાં આવે અથવા હુમલો કરવામાં આવે અને એમ કરવાનો ઇરાદો એવી સ્ત્રીનું શિયલ લૂંટવાનો હોય ત્યારે તેમ કરનારને બે વર્ષની કેદની અને દંડની શિક્ષા થાય છે.

અત્યાચારનો ભોગ બનેલ સ્ત્રી-પુરૂષને ગુજરાત સરકાર નાણાકીય સહાય કરે છે. આવી સહાય માટે સરકાર ધારા-ધોરણ નક્કી કર્યાં છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

## ૧૭મી ફેબ્રુઆરી

● શ્રી હરસિધ્ધભાઇ વજુભાઇ દિવેટીયા ગુજરાતની શિક્ષણ - સંસ્કારની પ્રવૃત્તિઓને વેગવાન બનાવનારા હાઇકોર્ટના પ્રથમ ગુજરાતી ન્યાયાધીશ નો જન્મ ૧૭-૨-૧૮૮૬ પ્રથમ ઉપકુલપતિ ગુજરાત યુનિવર્સિટી.

● ભારતીય તત્ત્વજ્ઞાનની પરંપરામાં અનન્ય સ્થાન ધરાવતાં પ્રખર તત્ત્વજ્ઞાની જે. કૃષ્ણમૂર્તિની પુણ્યતિથિ. એટ ધી ફીટ ઓફ ધી માસ્ટર, કિંગડમ ઓફ હેપિનેસ, લાઇન ઇન ફ્રીડમ, પુલ એન્ડ વીઝડમ તેમના પુસ્તકો છે.

● ૧૯૯૯માં ભારતનાં દૂધ ઉત્પાદનમાં પ્રથમ ક્રમાંક આવ્યું. ૧૮૦ લાખ ટન દૂધ ઉત્પાદન.

● ૧૪૦૫ - લૂંટારા તૈમુરલંગનનું અવસાન.

● ૧૯૪૪ - હિન્દી ફિલ્મ ઉદ્યોગના આદ્ય સ્થાપક શ્રી ધૂડીરાજ ગોવિંદ ફાળકેનું ૭૪ વર્ષની વયે અવસાન.



● ૧૯૯૪ - પૂર્વ મુખ્યમંત્રી ચીમનભાઇ પટેલનું અવસાન.